# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. WEATHER

હવામાન વિભાગે મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના કેટલાક ભાગો તેમજ દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ તાપી તેમજ સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદની શક્યતાને પગલે ઑરેન્જ એલર્ટ જ્યારે કેટલાક ભાગોમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સારબાકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગારમાં હળવા વરસાદની શક્યતા છે. તો દક્ષિણ ગુજરાતના છોટા ઉદેપરુ, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

આ તરફ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં કેટલાક સ્થળોએ વરસાદની આગાહી છે.

# NAVSARI- KUVARJI BAVALIYA

રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાળવિયાએ નવસારી જિલ્લામાં પાણી પુરવઠા, સિંચાઈ અને ડ્રેનેજ વિભાગના કામોની સમીક્ષા કરી હતી. શ્રી બાળવિયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક મળી હતી. જેમાં તેમણે પીવાના પાણીની જરૂરિયાત માટેના વિવિધ સ્ત્રોતોની જાણકારી મેળવી, તેમજ ચોમાસાની ઋતુને ધ્યાને રાખતા ક્લોરિનેશનની કામગીરી નિયમિત રીતે કરવાની સૂચના આપી હતી.

બેઠકમાં નવસારી સિંચાઇ વિભાગના કામોની સમીક્ષા કરતા તેમણે ગત વર્ષે થયેલા કામોની વિગત મેળવી, ચાલુ વર્ષે આયોજનમાં લીધેલા કામો,

કેનાલ નેટવર્ક અંતર્ગત નહેર સુધારણા, લાઇનીંગની લંબાઇ અંગે માહિતી મેળવી. આ સાથે મંત્રીશ્રી એ પદાધિકારીઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોનું ઝડપભેર નિવારણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં ધારાસભ્ય ઉપરાંત સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ADDINATIONAL COACH

ભારતીય રેલવે એ મુસાફરોની સુવિધા માટે, લાંબા અંતરની 46 વિવિધ મહત્વપૂર્ણ ટ્રેનોમાં સામાન્ય વર્ગના કોચની સંખ્યા વધારી છે. આ ટ્રેનોમાં 92 નવા સામાન્ય વર્ગના કોચ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત 22 વધુ ટ્રેનોની ઓળખ કરીને તેમાં વધારાના સામાન્ય વર્ગના કોચ ઉમેરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

નવા કોચ ઉમેરવાની વ્યવસ્થા જે ટ્રેનોમાં કરાઇ છે જેમાં ભાવનગર બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ,વેરાવળ બાંદ્રા ટર્મિનસ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ ભુજ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ,ભુજ દાદર સયાજી નગરી સુપરફાસ્ટ એક્સપ્રેસ સહિતની અન્ય ટ્રેનોનો સમાવેશ થાય છે. આ તમામ ટ્રેનોમાં વધારાના કોચ જોડવાથી સામાન્ય જનતાની મુસાફરી આરામદાયક બનશે તેમ રેલવે તંત્ર દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદીમાં જણાવાયું હતું.

# CIVIL HOSPITAL SURGERY

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એક જ અઠવાડિયામાં બે બાળકોની શ્વસનનળી અને અન્નનળીમાં આવેલા અવરોધને સર્જરી દ્વારા દૂર કરવામાં આવ્યું છે.

પ્રથમ કિસ્સામાં મધ્યપ્રદેશનાં પિન્ડાના ખેડૂત પરિવારના ૧૩ મહિનાના દીકરાની શ્વસનનળીમાં મગફળીનો દાણો અને સુરેન્દ્રનગરના એક કારીગરનો

અઢી વર્ષનો દીકરો રાસબરીનું બીજ ખાઇ જતાં તેમને સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. આ વિશે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ વધુ માહિતી આપી હતી..

### (બાઇટ- ડો. રાકેશ જોષી- સિવિલ સુપ્રિટેન્ડેન્ટ)

# TAPI- SHAURYA CHAKRA SANMAN

શૌર્ય ચક્રથી સન્માનિત તાપી જિલ્લાના સીઆરપીએફ જવાન મુકેશ ગામિતનો સન્માન સમારંભ યોજાયો હતો.. આદિજાતી મંત્રી કુંવરજી હળપતિની ઉપસ્થિતિમાં સોનગઢ ખાતે યોજાયેલા આ સન્માન સમારંભમાં મુકેશ ગામીતની વીરતાને બિરદાવવામાં આવી હતી. આદિવાસી વીર જવાન એવા મુકેશ ગામીતે બહાદુરીથી એક આતંકવાદીને ઠાર કરીને પોતાના સાથી જવાનોનો જીવ બચાવ્યો હતો.. તેમની બહાદુરી અને સાહસને બિરદાવીને તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા શૌર્ય ચક્ર આપી તેમને સન્માનિત કરાયા હતા.

આ વિશે મુકેશ ગામિતે પોતાની લાગણી વ્યક્ત કરી હતી..

### (બાઇટ-મુકેશ ગામીત- વીર જવાન)

# VRUXAROPAN ABHIYAN

કૃષિમંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતીમાં જામનગરના મોટા ઇટાળા ખાતે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઇ ગયો..

આ પ્રસંગે મંત્રીશ્રીએ આ અભિયાનમાં સહભાગી થઈ, વધુ વૃક્ષો વાવવા લોકોને અપીલ કરી હતી. વૃક્ષોને નુકસાન કરનારા તત્વો સામે આગામી સમયમાં કડક કાર્યવાહી હાથ ધરાશે, તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

વૃક્ષારોપણ માટે સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે ત્યારે સરકારના આ હરિયાળા સંકલ્પમાં લોક ભાગીદારી સાથે ધાર્યું પરિણામ મેળવવા માટે મંત્રીશ્રીએ લોકોને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન, વૃક્ષારોપણ તથા પ્રકૃતિ જતન અંગેની વિશિષ્ટ કામગીરી કરનાર નાગરિકોને મંત્રીશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.. તેમજ સૌ નાગરિકોએ વૃક્ષારોપણ કરવાના તેમજ 'એક પેડ માઁ કે નામ' અભિયાનમાં સહભાગી થવાના શપથ ગ્રહણ કર્યા હતા.

આ સાથે, પાટણ તાલુકાના નોરતા ધામ ખાતે પણ શ્રી દોલતરામ મહારાજના આશ્રમમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઇ ગયો, જેમાં 500થી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું જ્યારે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે જાહેર જનતાને વૃક્ષના રોપાઓનું વિતરણ કર્યું હતું...